# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૫૮ • તા.૨૦ મે થી ૨૬ મે ૨૦૨૩




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# શ્રી કોઠારા જૈન મહિલા મંડળ દ્વારા અદ્‌ભૂત ગેમ શો લા-કાર્નિવલ યોજાયો


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સુખ અને દુઃખ એ સ્વભાવની અવસ્થા

સુખ અને દુઃખ જીવનમાં વણાયેલા તત્વો છે. જે એકબીજા સાથે એટલા બધા ગાઢ જોડાયેલા છે. જે કદી કોઈ કાળે કોઈનાથી અલગ પાડી શકાતા નથી. દુઃખ એટલે આપણે આપણા સંબંધો પર રાખેલી અપેક્ષાઓ. જે આપણી કલ્પના મુજબ સાકાર ન થાય એટલે દુઃખ લાગે અને જો અનુકુળ રીતે આપણાને મનગમતી રીતે અપેક્ષાઓ પૂર્ણ થતી જાય એટલે એ સુખને સુખ માત્ર લાગે. અપેક્ષાની શરૂઆત થાય પણ એ ક્યાંય વિરામ ન લે અને અવિરત આગળ વધતી રહે છે. આ લોભને લાલચની અવસ્થા છે. જે ન ક્યાંય વિરામ લે કે ન બે ઘડી જંપવા દે. સામેવાળા જ્યારે આપણી અપેક્ષાની વિરૂધ્ધ કંઈ કરે એટલે આપણે દુઃખી થઈ જઈ એ છીએ. સુખી કે દુઃખી થવાનો આ શોર્ટકટ બીજાની આધારિત છે. એટલે આપણા સુખની કે આપણા દુઃખની ચાવી અન્ય પાસે છે. આ કેવી પરવશ અવસ્થા? કોઈની પર અપેક્ષાની લાગણી રાખવી એ બહુ મોટી જવાબદારી આપણે અન્ય પર રાખી દઈએ છીએ. જે એ બોજ ઉઠાવવા કાબેલ છે, સશક્ત છે એ આપણે જોતા નથી.

અન્ય લોકો આપણી વિષે શું વિચારશે, શું કહેશે એનો વિચાર આપણને માટે અગત્યનો હોય છે. એ જ નજર સમક્ષ રાખી આપણો વ્યવહાર થાય છે. જે ચિંતા કે ખુશીનો કારણ બને છે. લોકો આપણા વિષે શું વિચારતા હશે એનાથી આપણને ઘણો ફરક પડે છે. જ્યારથી આ આધારભૂત હકીકત બદલાશે ત્યારે આપણા દુઃખી થવાનો અડધો ભાગ ઓછો થઈ જશે. આપણા દુઃખનું અન્ય એક મુખ્ય કારણ એ છે કે આપણે કોઈને માફ નથી કરતા. જેણે કર્યું, જે કહ્યું કે જેણે કર્મ આચર્યું એ ભૂલીને આપણે વિશાળ મન રાખી, ઉદારતાપૂર્વક એને વિસારે પાડી દઈએ. સામેવાળો માફી માંગે કે ન માંગે આપણે સફેદ ઝંડી ઊંચી કરી સુલેહતાપૂર્વક વ્યવહાર રાખીએ. આ સંબંધ સુધરવાનો પ્રથમ સોપાન થઈ રહેશે.

આપણી હેસીયત સુખને બરાબર ઝીલીને તેને આવકારીએ છીએ. તેને ખભે ઊંચકીને સડસડાટ દોટ કાઢીએ છીએ. પણ નજીવા જેવા દુઃખનો બોજો અસહ્ય લાગે છે. આપણા ઉપર કોઈ દુઃખની છાયા, પડે તો પણ આપણને લાગે છે કે આખા વિશ્વનો ભાર આપણા ખભા ઉપર પડી ગયો છે. દુઃખોના પહાડ આપણી પર તૂટી પડ્યાં છે એવો દર્દ, એવો અહેસાસનો અનુભવ થાય છે પણ હકીકતમાં મુસીબતો જ આપણને પરિપક્વ બનાવે છે. તે જ આપણને ધૈર્ય રાખવાનું, હોંસલો રાખવાનું અને દર્દ, દુઃખને કે અણધાર્યા વિપરીત સંજોગોને ન ગણકારવાની શીખને સમજણ આપે છે.

પદ, પ્રતિષ્ઠા, પૈસા કે અનુકુળ પરિસ્થિતિ સુખી થવાની ખાતરી આપતા નથી પણ સુખ તો સમજણથી મળે છે. સમતા, અને સક્ષમતા, સમજણ અને શાલીનતાના ઉપયોગથી આપણો દ્રષ્ટિકોણ સુખી કે દુઃખી થવાની દ્રષ્ટિ કેળવે છે. બાકી બીજા કોઈનું ગજું નથી કે આપણને સુખી કે દુઃખી કરી શકે. આમ આપણે સુખી થઈ એ કે દુઃખી થઈએ માટે અન્યો નહીં પણ આપણે જ જવાબદાર હોઈએ છીએ. આપણો સ્વભાવ, આપણો દ્રષ્ટિકોણ અને આપણા વિચાર આચારની તરેહ જ આ માટે કારણભૂત છે.

– જય જ્ઞાતિમૈયા

# સમજણ વગરનું શિક્ષણ શા કામનું?

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

શિક્ષણનો શાબ્દિક અર્થ છે શીખવું. બાળક નાનો હોય ત્યારથી શીખવાની પ્રક્રિયા શરૂ કરી દે છે. નવજાત બાળક પોતાના માતાનું ધાવણ ચૂસે છે એ એને કોઈ શીખવાડેલ નથી. તે છતાં તે મેળવી લે છે. એમ આગળ જતાં ખાતાં, પીતાં પોતાના શરીરને પલોટતાં પછી બેસતાં, ભાખોડિયા ભરતાં આપોઆપ કરતો થઈ જાય છે. કોઈના પ્રયત્નથી ચાલતા શીખી જાય છે. જેમ જેમ વિકસે છે તેમ અવાજ કરતો પછી અસંગત શબ્દો બોલીને નાના અક્ષરો બોલાવીએ ને એમ તેને રટીને પૂરા શબ્દો બોલતા શીખી જાય છે. શીખવાની આ પ્રક્રિયા બચપણથી તેના વિકાસનો ભાગ બને છે. તેને હસતાં રમાડતા શીખવાડીએ તો એ સહજતાથી ગ્રહણ કરી લે છે.

ત્રણ ચાર વર્ષનો થાય એટલે એને કઈ નર્સરીમાં મૂકવો એની માટે મંથન શરૂ થાય. એ પતે પછી ક્યા માધ્યમમાં સ્ટેટ બોર્ડ, સી.બી.એસ.ઈ. કે આઈ. સી.એસ.ઈ. એની અવઢવ થયા કરે, કઈ સ્કૂલનું ભણતર એ માટેની મથામણ થાય. શીખવાની પધ્ધતિ એવી ન હોવી જોઈએ કે વિદ્યાર્થીના મનમાં શિક્ષણ પ્રત્યે અરૂચિ પેદા થઈ જાય. વિદ્યાર્થીઓને ભણવાનું, ગૃહકાર્યનું કે ટ્યુશનનું ટેન્શન બિલકુલ ન હોવું જોઈએ. હસતાં, રમતાં તેઓ શીખે એ જ ઉત્તમ અને આદર્શ રસ્તો છે. વિદ્યાીર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ કે કુતૂહલ વૃતિને પોષતા જઈને તેને પ્રયાસપૂર્વક શિક્ષણ મળે એ જરૂરી છે.

આજે નર્સરીથી લઈને ઉચ્ચ કક્ષા સુધી પાઠ્યપુસ્તક, નોટબુક, લંચ બોક્સ, પાણી બોટલ, કમ્પાસ પેટી ઈત્યાદિનો એટલો બોજો તેને પીઠે હોય છે કે બચ્ચાઓ બોજ તળે દબાઈ જાય છે. સ્કૂલ શિક્ષણ સાથે ટ્યૂશન ક્લાસીસનો બોજ, ત્યાર બાદ કોઈ હોબી, સ્પોર્ટના તાલીમ વર્ગ આમ સતત વેળી સવારથી મોડી સાંજ સુધી ઘડિયાળના કાંટે દોડતો રહે છે. ઉપરથી સારા માર્કસ લાવવાનો પેરેન્ટસનો દબાવ. આમ જાણે ભણવું વિદ્યાર્થીને સજારૂપે લાગવા માંડે છે. આજની શિક્ષણ પધ્ધતિ પરીક્ષા લક્ષી બની ગઈ છે. હાઈએસ્ટ માર્કસ લાવવાની હોર્સ, રેસમાં દરેક બાળક બેળે બેળે જોડાઈ જાય છે.

આમ જીવન મૂલ્યો અને કૌશલ્યો માત્ર કાગળ પર રહી જાય છે. સમજણ અને કેળવણીને બદલે ઉચ્ચ ટક્કાવારી મેળવવા ઉપર જ ધ્યાન આપવામાં આવે છે. ઊંચી ટકાવારી એ જ સાચું શિક્ષણ એ સમજણ બધાને ગળે ઉતરી ગઈ છે. ૯૦-૯૫ ટકા માર્કસ લાવનાર બાળકને પણ શાબાશીને બદલે પેરેન્ટસ તરફથી ઠપકો મળે છે કે હજી થોડી વધુ મહેનત કરી હોત તો!

શિક્ષણમાં બે વસ્તુ અનિવાર્ય છે. એક રજૂઆતની કલા, બીજી સમજવાની કલા, સમજણ વગરનું શિક્ષણ ક્યારેય કામ ન આવે. વિદ્યાર્થીઓની યાદ શકિતનું મૂલ્યાંકન કરવાને બદલે તેમની નિરીક્ષણ શક્તિ, કલ્પનાશક્તિ અને સર્જનાત્મક શક્તિ વિકસાવવા જો જોર આપી એ તો બાળકો માટે શિક્ષણ સજા નહીં પણ સહજ ભાવ બની જાય.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી કોઠારા જૈન મહિલા મંડળ દ્વારા અદ્‌ભૂત ગેમ શો લા-કાર્નિવલ યોજાયો







મંડળ જ્યારે પોતાની રજત જયંતી વર્ષ ઉજવી રહ્યું છે ત્યારે એમના IPP શ્રીમતિ કલ્પનાબેન દિપક ધરમશી એ તમામ મેમ્બર્સ માટે લા-કાર્નિવલ નામે ખૂબજ રોમાંચક ગેમ શોનું આયોજન કર્યુ.

જેમાં વિવિધ પ્રકારની અવનવી ટેબલ બેઝ્ડ ગેમ્સ હતી. આખા કાર્નિવલને પ્રોફેશનલ ટચ અપાયો હતો. નવી કમીટીને આવકારવા તત્પર કલ્પનાબેને એન્ટ્રીથી એક્ઝિટ સુધી નોખું અનોખું મનોરંજન પીરસયું હતુ.

પી.પી.ઓઈલ કંપની પ્રાઈવેટ લિમિટેડ મુલુંડ વેસ્ટના હોલમાં તા. ૧૩ મે બપોરના ૨ વાગ્યાથી શરૂ થયેલ કાર્યક્રમ લા-કાર્નિવલ સૌ મેમ્બરો માટે યાદગાર નજરાણુ બન્યુ. પી.પી.ઓઈલ તરફથી સૌને તેલની બોટલ ટોકન ગીફ્ટ અપાઈ હતી.

કમીટી મેમ્બર સૌ મળીને દિપ પ્રાગટય કરી એક એક ગેમનું ઓપનીંગ કરી મેમ્બર્સ માટે ખૂલી મૂકી હતી. સ્વાસ્થ્યમય ઘરે જ બનાવેલી વાનગીઓનો રસથાળ હતો. જેમાં વિવિધ પ્રકારના મુખવાસ અને દરેક ટેબલ પર ચટપટા ખાદ્ય પદાર્થો એ આકર્ષણ જમાવ્યું હતું.



# શ્રી કોઠારા જૈન મહિલા મંડળ દ્વારા અદ્ભૂત ગેમ શો લા-કાર્નિવલ યોજાયો





રજત વર્ષને ધ્યાનમાં રાખીને કલ્પનાબેને ૨૫ થી વધુ ખાદ્ય પદાર્થ પીરસયા હતા. કમીટી મેમ્બર્સ જે દરેક કાર્યક્રમમાં પોતાની સેવાઓ આપે છે એમના માટે પણ દરેક રમતો રમવાની જોગવાઈ કરાઈ હતી. ૧૬ વોલન્ટિયરસની જહેમતથી રમતગમતનો આ કાર્યક્રમ સફળતા ભર્યો હતો. મંડળ તરફથી વોલન્ટિયરને કેડબરીઝ અને કલ્પનાબેનને ગીફ્ટ અપાઈ હતી. સમરકુલ થીમ સાથે કીસમેં કીતના હૈ દમ, જનરલ નોલેજ કવીઝ, રેમ્પ વોક તો ખરા જ. એમાં ઈનામોની વણઝાર હતી. દરેક મેમ્બર્સને યાદગીરી રૂપે કલ્પનાબેન તરફથી ગીફ્ટ અપાઈ હતી. આ અભૂતપૂર્વ ગેમ શો વિષે કલ્પનાબેને પ્રકાશ પાડતા કહ્યુ કે મે આ મંડળમાં ૨૩ વર્ષ કાર્યરત રહીને સેવા આપી એ મહત્વની નથી પણ એ સંસ્થા સાથે જોડાઈ એનુ ઋણ ઉતારવાનો એક ખૂબ જ વામન પ્રયત્ન હતો. દરેક મેમ્બર્સ સમયથી વહેલા પધારીને મોડી સાંજ સુધી હાજર રહી ઉત્સાહ વધાર્યો એ માટે અંતકરણ પૂર્વક આભાર વ્યક્ત કરતા કલ્પનાબેને **વર્તમાન પ્રમુખ પૂજાબેન લોડાયા** અને એમની સમગ્ર કમીટીનો ખૂબ જ આભાર વ્યક્ત કર્યો કે આ થીમ કાર્યક્રમ કરવાની પરવાનગી આપી. સંપૂર્ણ કાર્યક્રમના સ્વૈચ્છીક સ્પોન્સર **કલ્પના દિપક ધરમશી** એ એમની આગવી શૈલીમાં રમૂજ ભર્યુ સંચાલન કર્યું હતુ. એકંદરે આ કાર્યક્રમ માણવો એક લ્હાવો હતો.






**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

KDO SANJIVANI

## સંજીવની યોજના દ્વારા ૧૦૦ વ્યક્તિઓને મળેલ જીવનદાનની ખુશાલી રૂપે

# જ્ઞાતિમૈયા માં વિશેષ પૂર્તિ

**આ વિશેષ સંજીવની પૂર્તિમાં આપનો અનુભવ, સમાજ માટે સંદેશો અને આપની વિચારધારા શનિવાર તા.૧૫ જૂન સુધી લખીને મોકલો**

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**જાહેરાત ફક્ત ₹ 1000/-**

Contact :
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# શ્રી વરાડીયા જૈન મહિલા મંચ દ્વારા ત્રિદિવસીય ગોવા ટુરનું આયોજન સંપન્ન થયું



શ્રી વરાડીયા જૈન મહિલા મંચ, મુંબઈ દ્વારા તા. ૧૭ મે થી તા. ૧૯ મે સુધી ૩ દિવસની ગોવા ટુરનું આયોજન કરવામાં આવેલ જેમાં મંચના સભ્યો તથા તેમના સંબંધીઓ સહિત ૫૦ કેડીઓ જોડાયા હતાં.




મોરજીમ બીચ પાસે હીબીસ રિસોર્ટમાં બે નાઈટ હોલ્ટ, મોરજીમ તથા બાઘા બીચમાં મોજ, મંગેશી મંદિર તથા બેસિલિકા ચર્ચની મુલાકાતનો સમાવેશ હતો. સર્વેએ શ્રી પીયૂષભાઈ સોમચંદ નાગડાના ગૃહે શ્રી મહાકાળી માતાજીની ભાવનામા હાજરી આપેલ તથા પોર્વોરીમ વિસ્તારમાં શ્રી ધર્મનાથજી જિનાલયના દર્શન કરેલ.

મહિલા મંચે ટુરની વ્યવસ્થાનું આયોજન સંકેત કિરીટ શાહ લોડાયાની કીપસન હોલીડેને સોંપેલ જેમણે કિફાયત રેટમાં સરસ આયોજન કરી આપેલ.

શ્રી વરાડીયા જૈન મહિલા મંચના કમિટી મેમ્બર લીના મધુકાંત ભવાનજી મોમાયા, આશા દીપક ગંગાજર ડાઘા, ચિત્રા પદમ લાલજી લોડાયા, શીલા રતિલાલ શામજી મોમાયા તથા લીલાબેન મેઘજી ખીમજી મોમાયા છે.





શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

**Shree K.D.O. Students Association**

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

# Notebook Vitran Yojana - 2023

★ Get Ready KDO Students to avail the advantage of Notebook Vitaran Yojana 2023. Long A4 sized single line notebooks at a very subsidized rates will be distributed at various centres in Mumbai.

★ Per marksheet, Two Dozen books will be allotted to each and every KDO student. Books will be distributed on a first come first serve basis. Books will be available from **1st Week of June 2023**

## ★ For more details contact your nearest centre :

| | |
|---|---|
| **Dombivli** : | Hemant Patho World, Opp. Bank of India, R. P. Road, Chaar Rasta, Dombivli (East)<br>**Zeel Dagha** +91 93242 90223 • **Rishi Lodaya** +91 91672 81086 |
| | B-002, Nav Chetan CHS., Tukaram Nagar, Ayre Road, Tulip Tower, Dombivli (East)<br>**Parulben Dhroad** +91 93237 67399 |
| **Thane** : | **Aditi Lapasiya** +91 70219 12062 • **Tuhin Gosar** +91 82913 92024 |
| **Mulund** : | Shri. Virji Mepani Hall, Devpunj Building, Valji Ladhabhai Road, Mulund (West)<br>**Khushi Khona** +91 91360 15112 • **Denil Momaya** +91 97698 88776 |
| **Bhandup** : | **Jeel Dand** +91 83695 20516 • **Preet Lodaya** +91 96647 95657 |
| **Kanjurmarg** : | **Labdhi Lodaya** +91 84220 37604 • **Keval Momaya** +91 98191 59847 |
| **Ghatkopar** : | 1st Floor, Anant Chhaya, 60 Feet Road, Ghatkopar (East)<br>**Sania Meisheri** +91 83697 71584 • **Krish Lodaya** +91 86555 67555 |
| **Wadala/Masjid** : | 1st Floor, New Anant Bhuvan, Narshi Natha Street, Masjid Bunder (West)<br>**Ronil Maisheri** +91 98691 84725 • **Chirag Lodaya** +91 96198 76560 |
| **Navi Mumbai** : | L-33 APMC Market 1, Phase 2, Vashi, Navi Mumbai<br>**Khushali Dharamshi** +91 93248 86453 • **Ronak Vikamshi** +91 93727 88841 |
| **Western** : | **Priyal Meisheri** +91 90049 00225 • **Sahil Kuruva** +91 76668 02804 |

**Membership 2023-25** ★

A two year membership of Vidhyarthi Sangh which leads to many offers, discounts and facilities to all those who avail it. Get it by paying Rs. 100/- and experience benefits of ten times.
Be a Lifetime Gold member by paying just Rs. 5,000/- once.

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

## MANAGING COMMITTEE 2023 - 2025




PRESIDENT
**SHRI. UJWAL PIYUSH LODAYA**
(Sayera - Nalasopara)



SECRETARY
**SHRI. CHIRAG PRAKASH LODAYA**
(Sayera - Wadala)

VICE PRESIDENT
**KU. KAJAL DILESH DHROL**
(Tera - Bhandup)

TREASURER
**SHRI. PARAS MAYUR DHARAMSHI**
(Sayera - Ghatkopar)



JOINT SECRETARY
**SHRI. UMANG MANISH LODAYA** (Varapadhar - Mulund)
**KU. ANOKHI AJAYKUMAR DHULLA** (Tera - Mulund)

JOINT TREASURER
**KU. MOKSHA PIYUSH LODAYA** (Sayera - Nalasopara)
**SHRI. RONAK NARENDRA LAPASIYA** (Daltungi - Goregoan)



COMMITTEE MEMBERS

**SHRI. DEEP NIMESH MOTA**
(Rapar - Bhandup)

**KU. MAHEK MEHUL MOTA**
(Rapar - Dombivli)

**SHRI. SANYAM KAMLESH NAGDA**
(Rangpur - Mulund)

Follow us on @SHREEKDOVS

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઈ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

## MANAGING COMMITTEE 2023 - 2025




### CO-OPT MEMBERS

SMT. CHANDNIBEN PARESH LALKA
(LALA - VASHI)

SHRI. ANUJ GIRISH LODAYA
(RAWA - DOMBIVLI)




### NOMINEE MEMBERS

SHRI. URMIN JAYESH LODAYA
(SUTHRI - GHATKOPAR)

SHRI. MEET SANJAY MEISHERI
(SANDHAN - DOMBIVLI)



### AUDITOR

M/s. N. B. SHAH & ASSOCIATES

SHRI. NARESH BHAVANJI MOMAYA
(NALIYA - GHATKOPAR)





### KARYALAY SAMITI MEMBERS

SHRI. KIRIT LAXMICHAND LAPSIA
(RAWA - CHEMBUR)

SHRI. HIRACHAND DAMJI DAND
(MANJAL RELADIYA - ANDHERI)

SHRI. SHAILESH SANATKUMAR SHAH (LODAYA)
(MOTI SINDHODI - SION)




PRESIDENT
SHRI. UJWAL PIYUSH LODAYA
(SAYERA - NALASOPARA)

SECRETARY
SHRI. CHIRAG PRAKSH LODAYA
(SAYERA - WADALA)

Follow us on @SHREEKDOVS

# આદિપુર સંઘમાં ધ્વજારોહણ પ્રસંગે પ.પૂ.આ.ભ. શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.નું ભવ્ય સામૈયું કરાયું





નાકોડા નગર આદિપુરની ધન્ય ધરા પર શ્રી નાકોડા પાર્શ્વનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૩મા વર્ષી તપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં ધ્વજારોહણ પ્રસંગે પૂજ્ય સાહેબનું ભવ્ય સામૈયું કરાયું.

લાભાર્થી પરિવાર માતુશ્રી દેવકાબેન હંસરાજ મોતા પરિવાર રાપરગઢવારી હસ્તે કલ્પનાબેન કાંતિલાલ મોતા પરિવાર.







# સંજીવની કેસ નં.૧૦૫ માટે રૂા.૩.૩૦ લાખ જમા કરવાનો લક્ષ્ય છે

Samast Mahajan, Sanjivani Initiative

KDO

## CASE No.: 105

## DONATION NEEDED!

### Mrs Devkuvarben Jethalal Lodaya

Age: 77 Yrs. Tera, Bhandup

**Got Transcervical Femur (Hip) Fracture due to fall, needs to undergo Surgery known as Bipolar Hemiarthroplasty**



**DONATION REQUIRED**

**Rs.3.30 LAKH**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

Shri Samast KDO Jain Mahajan
Medical Committee

80G Registration number
AANTS1160JF20212

**Avail tax benefit under section 80G.**

*Submit Aadhar & Pan card Copy.

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

૭૭ વર્ષીય તેરા-ભાંડુપના દેવકુવરબેન જેઠાલાલ લોડાયા પડી જવાથી હીપનું ફ્રેક્ચર થયેલ છે. જે માટે Biopolar Hemiarthroplasty સર્જરી કરવી જરૂરી છે. આ માટે રૂા.૩.૩૦ લાખ ઓપરેશન અને સારવાર ખર્ચનો અંદાજિત ખર્ચ અપાયેલ છે. જે માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી છે.

આકસ્મિક આપદામાં મૂકાયેલ જ્ઞાતિ વડીલને સુયોગ્ય સારવાર વહેલી તકે સુલભ થાય એ માટે આપણે સૌ પ્રયત્નો કરીએ. સહયોગ આપીએ અને આજ સુધીના ૧૦૪ સંજીવની કેસ જે રીતે સુખરૂપથી સુલઝી ગયા એ આ કેસમાં પણ વહેલી તકે ઉકેલાય એવો વિશ્વાસ છે.

સંજીવની કેસ માટે અપાતી મદદ ૮૦જી અંતર્ગત ઈન્કમટેક્સ નિયમથી કરમુક્ત લાભ મેળવવા આધારકાર્ડ - પાન કાર્ડની નકલ દાતાએ આપવી જરૂરી છે.

# શ્રી અનંતનાથ કોમ્પેલક્ષ કાંજુરમાર્ગના શ્રી વિમલનાથ દેરાસરની સાતમી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવ ધર્મ ભાવ સંગે સંપન્ન થયો





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ કાંજુરમાર્ગના શ્રી અનંતનાથ કોમ્પલેક્ષમાં શ્રી વિમલનાથ દેરાસરની છઠ્ઠી વર્ષગાંઠ અને સાતમા ધ્વજારોહણ પ્રસંગે તા.૨૮ એપ્રિલ શુક્રવારથી તા.૩૦ એપ્રિલ રવિવાર સુધી ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તિની વિદુષી પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા વર્ધમાન તપોનિધિ પ.પૂ. સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી મૌન ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં ધર્મ ભાવ સંગે સંપન્ન થયો. સાતમી ધ્વજાનો ચજાવો માતુશ્રી રમિલાબેન પ્રફુલ્લચંદ મોમાયા હસ્તે જલ્પાબેન પરિવારે લાભ લીધેલ.

પ્રથમ દિવસ શુક્રવાર તા.૨૮ મે દિને બપોરે ૩ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા શ્રી અનંતનાથ કોમ્પલેક્ષ મહિલા મંડળની બહેનોએ ભણાવી. રાત્રે ૯ કલાક શ્રી વિમલનાથ મિત્ર મંડળ અને ભક્તિ ભાવના ભણાવી.

દ્વિતીય દિવસ શનિવાર તા.૨૯ એપ્રિલના સવારે ૯ કલાકે અઢાર અભિષેક. આ દરમ્યાન વિવિધ ચડાવા બોલાવામાં આવ્યા. રાત્રે ૯ કલાકે ભક્તિ ભાવના શ્રી વિમલનાથ મિત્ર મંડળ દ્વારા તથા પાઠશાળાના બાળકો દ્વારા ધાર્મિક નૃત્ય રજૂ કરાયા.

અંતિમ દિને તૃતીય દિવસે રવિવાર, તા.૩૦ એપ્રિલ વૈશાખ સુદ અગિયારસ દિને સવારે ૮.૩૦ કલાકે સતરભેદી પૂજા તથા ધ્વજારોહણ વિધિ શુભ મુર્હુતે લાભાર્થી પરિવાર દ્વારા બપોરે ૧૨ કલાકે સાધર્મિક ભક્તિ, સાંજે ૪ કલાકે ધાર્મિક ક્વિઝ રમાડવામાં આવી તથા રાત્રે ૯ કલાકે શ્રી વિમલનાથ મિત્ર મંડળ ભક્તિ ભાવના ભણાવેલ. ત્રિહાન્હિકા મહોત્સવની ધર્મ આરાધનાઓ વિધિકાર સાગર શાહ અને ટીમએ સારી રીતે કરાવી હતી. શ્રાવક શ્રાવિકાઓના સહભાગથી ધ્વજા મહોત્સવ અદ્‌ભૂત ભાવ સાથે સંપન્ન થયો.





# દ્વિતીય પૂણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૨૬-૦૨-૧૯૫૭

અરિહંતશરણ
૨૦-૦૫-૨૦૨૧

# સ્વ. જયંતભાઈ ભવાનજી સોની

**ગામ - સુથરી, હાલ - ખાર, મુંબઈ**

આપ હતા શ્રી ભલારા દાદા ટ્રસ્ટના બાગબાન,
આપની હસ્તી હતી શીતળ છાયા સમાન,
નાના-મોટા સહુના હૃદયમાં આપે કર્યો હતો વાસ,
સદાય મહેંકતી રહેશે આપની સ્મૃતિઓની સુવાસ
દાદા આપના પરમ આત્માને પરમશાંતિ અર્પે
એજ પ્રાર્થના

-:: શ્રદ્ધાસુમન ::-

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ – લાલપુર

**ટ્રસ્ટીગણ તથા ભાવિક ભક્તજનો**

# શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા મફત નેત્ર તપાસણી અને ડોક્ટરી સલાહ કેમ્પ



તા.૨૮ મે રવિવાર સવારે ૯ થી ૧ કલાક સુધી ૫ ગ્રાઉન્ડ ફ્લોર, લાધાની હાઉસ, વાલજી લધા રોડ, હીરા મોંઘી હોસ્પિટલની સામે, મુલુંડ વેસ્ટ ખાતે શેઠશ્રી નરશીનાથા મેડીકલ ટ્રસ્ટ અને સ્વરાશિ નેત્રાલય દ્વારા મફત નેત્ર તપાસણી તેમજ ડોક્ટરની સલાહનો કેમ્પ યોજાયો છે.

રજીસ્ટ્રેશન માટે ૮૮૭૯૯૯૦૯૮૭ તથા લેન્ડ લાઈન ૦૨૨-૨૫૬૪૦૯૮૭ ઉપર સમય સવારે ૧૦ થી સાંજના ૬ કલાક સુધી છેલ્લે તા.૨૫ મે સુધી કરી શકાશે. વહેલોને પહેલાને ધોરણે ૧૦૦ લોકોનું જ રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

# શ્રી માંડવી સંઘમાં સાધ્વી મહારાજ સાહેબ આદિ ઠાણા-૩નો તા.૨૬ જૂન દિને ચાતુર્માસાર્થે મંગલ પ્રવેશનું આમંત્રણ

પ.પૂ.સાધ્વીશ્રી અર્હત કિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી આગમ કિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી દિપ્ત કિરણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી સહસ્ત્ર કિરણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩નો ચાતુર્માસ મંગલ પ્રવેશ શ્રી માંડવી અચલગચ્છ જૈન સંઘ મધે તા.૨૬ જૂન સોમવાર અષાઢ સુદ ૯ના તિથિ દિને થશે.

પ્રવેશ સ્થળ શ્રી સુમતિનાથજી બાબાવાડી દેરાસર મધે સવારે ૬.૧૫ કલાકે પ્રવેશ પ્રસ્થાન કરી શ્રી ગૌતમ ગુણ ગુલાબ અચલગચ્છ ઉપાશ્રયમાં શુભ મુર્હુતે પ્રવેશ થશે તથા માંગલિક શ્રવણ ઉપાશ્રયમાં કરાવવામાં આવશે.

આ પ્રવેશ પ્રસંગે સકળ સંઘને, આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ સંઘ તથા કારોબારી કમિટી દ્વારા અપાયું છે. બહારગામથી પધારેલ સંઘો, મહાજનનોના શ્રાવક શ્રાવિકાઓને સવારની નવકારશી તથા બપોરે સાધર્મિક ભક્તિ ભોજનનો લાભ જૈન પુરી માંડવી સ્થળે આપવા વિનંતી.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન



**Khwaish Kirit Dand**
98.4%
Lakhania - Navi Mumbai



**Kanishka Anish Munvar**
96%
Rangpur - Mulund



**Jas Chetak Lodaya**
95.6%
Hubli - Dubai



**Udit Ravi Lodaya**
95%
Kothara - Dombivli



**Kush Paresh Chheda**
94%
Naliya - Vapi



**Dhairya Jayesh Lodaya**
93%
Rava - Adipur




**Kush Jigar Lodaya**
92.6%
Rava - Chembur



**Hetvi Kumarpal Ajani**
91.3%
Kothara - Chennai



**Harshil Mitesh Motta**
91%
Kuvapadhar - Kolkata



**Hitansh Rupen Khona**
90%
Tera - Mulund



**Tanaaya Shekharam**
89%
Jakhau - Mulund



**Khiaanshi Jeentan Shah**
99%
Suthari - Mulund



**Smera Kishore Poladia**
95%
Bayeth - Mumbai



**Jinangi Paras Maisheri**
93%
Lala - Bhandup



**Pratham Shailesh Momaya**
89.40%
Varadiya - Vapi



**Aanvi Rishi Lodaya**
89.8%
Kothara - Nagpur

# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન



**Dev Bhavesh Mota**
86%
Varapadhar - Hyderabad



**Dolly Nitin Dand**
85.66%
Sandhav - Hyderabad



**Tanisha Vijay Chheda**
85%
Jasapar-Mulund (E)



**Jainam Jay Poldiya**
84.33%
Bayath - Pune



**Rashi Vishal Maisheri**
83.33%
Lala - Dombivali



**Dhriti Dollar Chheda**
83%
Naliya - Surat



**Tatvika Bhavesh Lodaya**
83%
Varapadhar - Hyderabad



**Jhalak Yogesh**
83%
Rapar - Hyderabad



**Jainam Vivek Kamani**
84%
Indore



**Harsh Sachin Lodaya**
80%
Arikhana - Mulund



**Pankti Amish Momaya**
78%
Varadia - Masjid



**Maitri Bharat Lodaya**
73%
Varapadhar - Hyderabad



**Moksh Amit Jain**
80%
Jakhau - Raipur



**Vidhi Rupesh Momaya**
83.6%
Varapadhar - Hyderabad



**Vridhi Viren Dharamshi**
89%
Suthari - Bangalore




**Hetvi Rohit Dand**
87%
Tera - Ahmedabad


# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન



**Deep Amit Lodaya**
96%
Varapadhar - Chennai



**Harshil Bhavik Momaya**
94.6%
Varadiya - Coimbatore



**Mukesh Roopam Lodaya**
93%
Moti Khavdi - Hyderabad



**Kushal Bhupesh Mota**
91%
Varapadhar - Bhatapara




**Eesha Amit Lapasia**
89%
Naliya - Chennai



**Arnav Monik Dharamshi**
86%
Suthari - Hyderabad



**Simran Hemendra Shah**
84%
Jakhau - Ahmedabad



**Kaivalya Nitesh Mota**
84%
Hyderabad - Varapadhar



**Juhi Chetan Nagda**
82%
Parjau - Tirupur



**Himanshu Yoesh Shah**
77%
Rapar - Hyderabad



**Dhruv Dharmesh Nagda**
88%
Nalia-Cochin



**Prachi Dhiren Nagda**
80%
Nalia - Cochin



**Nidhi Deepak Nagda**
93%
Moti Sindhodi - Hyderabad




**Nemitra Mayur Dand**
96%
Manjal Reladiya - Calicut



**Trishaa Mehul Lalka**
96.4%
Lala - Dombivali



**Palak Viren Hefa**
88%
Mulund West



**Param Tilesh Dand**
72%
Sandhav - Bhandup

# અમદાવાદ મધ્યે ગીતાર્થ ગંગા નૂતન સંકુલનું ઉદ્‌ઘાટન ઉત્સવનું આમંત્રણ

તા.૨૮ મે રવિવાર સવારે ૬.૪૫ થી ગીતાર્થ ગંગા નૂતન સંકુલ, જૈન મર્ચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ ૩૮૦ ૦૦૭, મો.નં.૯૮૨૫૪૮૨૧૭૦ જિનશાસનના અજોડ વિદ્વાન, સંસ્થાના માર્ગદર્શક ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ વિજય યુગભૂષણસૂરિશ્વરજી મહારાજા-પંડિત મ.સા. આદિ વિશાળ શ્રમણ, શ્રમણી સમુદાયની શુભ નિશ્રામાં ઉદારદિલ શ્રેષ્ઠીઓના હસ્તે યુગ-કલ્પ-નિર્મળ રત્નત્રયી આરાધના ભવન સંકુલનું ઉદ્‌ઘાટન થશે.

આ કાર્યક્રમમાં જિનશાસનના અત્યંત વિશાળકાય શાસ્ત્રીય એન્સોક્લોપિડિયા નિર્માણની છેલ્લા ૩૧ વર્ષની વણથંભી વિકાસ યાત્રા તથા ભવિષ્યના ઊંડા પ્લાનિંગપૂર્વક સદીઓ સુધી અમીટ છાપ પાડનારી શ્રુતયાત્રાની પ્રસ્તુતિ, જ્ઞાનપુંજ ગુરૂદેવશ્રીનું પ્રેરક પ્રવચન તથા સંકુલના લાભાર્થીઓનું બહુમાન કરાશે.

કાર્યક્રમ દિનની રૂપરેખામાં સવારે ૬.૪૫ કલાકે પાંચ નંબરથી વાજતે ગાજતે પ્રયાણ, ચતુર્વિધ સંઘની હાજરીમાં મુખ્યદ્વારનું ઉદ્‌ઘાટન તથા ચાર મુખ્ય તક્તીઓનું અનાવરણ. ૭.૧૫ કલાકે સંસ્થાના નૂતન સંકુલમાં પ્રવેશ અને માંગલિક, ૭.૨૫ કલાકે બીજી તક્તીઓનું અનાવરણ, સવારે ૭.૫૦ કલાકે પ્રાસંગિક પ્રવચન, ૮.૩૦ કલાકે લાભાર્થીઓનું બહુમાન, સવારે ૯ કલાકે સાધર્મિક ભક્તિ નવકારશી, ૯.૪૫ કલાકે ગીતાર્થ ગંગાના અજોડ કાર્યોની પ્રસ્તુતિ, ૧૧ કલાકે સાહેબજીનું પ્રવચન અને બહુમાન, સવારે ૧૧.૪૫ કલાકે સંસ્થાની રૂબરૂ મુલાકાત અને ત્યારબાદ સાધર્મિક ભક્તિ.

નૂતન સંકુલના ૧૮ લાભાર્થી પરિવારોમાં માતુશ્રી જયાબેન શાંતિલાલ ખોના પરિવાર, તેરા-મુલુંડ, માતુશ્રી લક્ષ્મીબેન હીરજી વાલજી લાલકા સુજાપુર-મુંબઈ, માતુશ્રી દેવકાંબેન ભાણજીભાઈ લોડાયા પરિવાર, દલતુંગી-વડાલા (મુંબઈ), માતુશ્રી નેણબાઈ મોતીલાલ લાપસિયા પરિવાર, રંગપુર-મુલુંડ તથા માતુશ્રી જયાબાઈ નરશીભાઈ ધરમશી, નલિયા-મુલુંડ સામેલ છે.

---


શ્રી ચંદ્રપ્રભ સ્વામી નમો નમઃ     શ્રી શીતલનાથાય નમો નમઃ     શ્રી સચ્ચાઈ માતાય નમો નમઃ

## કચ્છ પરજાઉ ગામે સચ્ચાઈ માતાજીને (છઠા ફળીયા)માં નમતા દંડ પરિવારના ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ

તા.૨૩ નવેમ્બર ૨૦૨૩ શનિવાર કારતક સુદ ૧૩ ના સવારે ૦૯:૦૦ કલાકે શ્રી સચ્ચાઈ માતાજીના ભોઈમાની ગંધી બદલવાનું અને માતાજીની પહેડી પ્રસાદ રાખવામાં આવેલ છે. આપ સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને ઘર દીઠ સારી સંખ્યામાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**દર્શનાભિલાષી : દંડ પરિવારના ભાવિકો**

**વધુ વિગત માટે સંપર્ક :-**

**મુંબઈ :**

કિરણભાઈ દંડ - ૯૮૩૩૮૦૮૨૪૪, કેતનભાઈ દંડ - ૯૯૮૭૩૨૯૯૯૯,

લહેરચંદભાઈ દંડ - ૯૧૬૭૭૧૩૩૨૧, કમલેશભાઈ દંડ - ૯૯૨૦૯૮૯૦૯૯

અમદાવાદ :- ગુલાબભાઈ દંડ - ૯૮૨૪૦૯૭૦૭૮

કચ્છ :- જવેરચંદભાઈ દંડ - ૯૮૭૦૩૩૨૦૦૭

## પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.એ સંયમ જીવનના પરમા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ જખૌ ગામના માવિત્ર માતુશ્રી ધનબાઈ શામજીભાઈ મોમાયાના ધર્મભાવના રંગમાં રંગાયેલી પુત્રી વિક્રમ સંવત ૨૦૨૮ના વૈશાખ વદ ૩ તિથિ દિને જખૌ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા બની સંયમ જીવન પથનું વિચરણ શરૂ કર્યું.

વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ વદ ૩ તિથિ દિને પૂજ્ય સાહેબ ધર્મ, તપ, આરાધના કરતા ૫૧ વર્ષનો સંયમ જીવનનો દીર્ઘ પ્રવાસ પૂરો કરી પરમા વર્ષમાં સુખશાતા પૂર્વક પ્રવેશ કર્યો છે ત્યારે શુભકામના વ્યક્ત કરી એ કે પૂજ્ય સાહેબનું આગામી સંયમ જીવન તપ, ત્યાગ, ધર્મ અને ભક્તિ સાથે હીરક અમૃત વળોટી શતકના શિખરે સિધ્ધિમય રીતે બિરાજે એ ભાવના સાથે શત શત વંદના.

---

## શ્રી વી.એલ.ક.દ.ઓ.જૈન વિદ્યાર્થીગૃહમાં નવા એડમીશન માટે ફોમર્સ બાબતની સૂચના

શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશન કેમ્પસ ઘાટકોપરમાં નવા એડમિશન ફોમર્સ શાળા વિભાગ, કોલેજ વિભાગ માટે અરજીપત્રક ભરવાની અંતિમ તા.૩૧ મે ૨૦૧૩ છે. વિદ્યાર્થીઓનો ઇન્ટરવ્યુ તા.૧૦મી જૂન અને તા. ૧૧મી જૂન સવારે ૧૦:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. વિદ્યાર્થી ઓએ તેમના વાલીઓ સાથે આપેલ સમય સ્લોટ અનુસાર હાજર રહેવું જરૂરી.


જ્યાં સુધી તમામ દસ્તાવેજો સબમિટ કરવામાં ન આવે ત્યાં સુધી ઇન્ટરવ્યુ લેવામાં આવશે નહીં. તેની સૌએ નોંધ લેવી.

---

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સરલાબેન વિક્રમશી**
તા.૧૪ મે (ઉ.૬૯)
વરાડીયા-નાગપુર



**નરેન્દ્રભાઈ લાલકા**
તા.૧૫ મે (ઉ.૭૭)
બાંઢીયા-ભાંડુપ



**સુશીલાબેન મોમાયા**
તા.૧૯ મે (ઉ.૮૯)
વરાડીયા-કોઈમ્બતુર



**ભારતીબેન લોડાયા**
તા.૨૦ મે (ઉ.૬૦)
સુથરી-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન




● કચ્છમાં ભુજ, માંડવી, મુંદરામાં કુલ્લ ૩૫૦ ટિફીન દાઉદી વ્હોરા સમાજ દ્વારા તેમના જ્ઞાતિ બિરાદરોને બપોરે સમયનું એક ટાઈમનું ભોજન ટિફીન દ્વારા ઘરે પહોંચાડાઈ રહ્યું છે. ધર્મગુરૂ સૈયદના સાહેબના આદેશાનુસાર વ્હોરા સમાજનો એક પણ વ્યક્તિ ભૂખ્યો ન સૂવે અને ભોજનમાં પણ સમાનતાનો ભાવ કેળવાય તેવા આશયથી છેલ્લા ૧૨ વર્ષથી આ સેવા ચાલી રહી છે. ભુજમાં ૧૬૦, માંડવીમાં ૧૨૦ અને મુંદરામાં ૬૦ જેટલા ટિફીન તૈયાર કરવા માટે બે કૂક અને બે હેલ્પર જહેમત કરે છે. દાતાઓના સહયોગથી આ પ્રવૃત્તિ ન નફો ન નુકસાનના ધોરણે ચાલે છે. જે અંતર્ગત જરૂરિયાતમંદોને નિઃશુલ્ક અને બાકીનાઓ પાસેથી નિર્ધારીત રકમ લેવામાં આવે છે.

● રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ પર્વની ઉજવણીની ભાગરૂપે અંજાર નગરપાલિકા સંચાલિત નયા અંજાર લાયબ્રેરી અને ગ્રંથ પાલ દેવેન કનકચંદ્ર વ્યાસને સ્વ મોતીભાઈ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય એવા પ્રમાણપત્ર અર્પણ કરાયા. ૧૯૮૨માં અસ્તિત્વમાં આવેલી મ્યુ. નયા અંજાર લાયબ્રેરીમાં ૫૭૨૨ પુસ્તકો છે. જેમાં ૫૪૪૦ ગુજરાતી, હિન્દી ભાષાના ૨૮૩ અને અંગ્રેજીના ૧૯૯ પુસ્તકો છે. ૩૮ બાળકો, ૬૦ મહિલા અને ૧૩૦ કાયમી સભ્યો છે.

● ભુજના નરનારાયણ દેવ દ્વિશતાબ્દિ મહોત્સવ પ્રસંગે રવાપર તા.નખત્રાણા ખાતે સત્સંગ સમાજવાડી મધ્યે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરાયું હતું. નલિયા, નખત્રાણા, લખપત વિગેરે તાલુકાના ગામોમાંથી લગભગ ૨૧૦૦ જેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો. ઓપરેશન સહિતની વધુ જરૂરીયાતવાળાની ભુજમાં નિઃશુલ્ક સારવાર કરાશે.

● કચ્છની રક્ષણકર્તા માતા રૂદ્રાણીના આર્શીવાદે વર્ષ ૧૯૭૧ના યુધ્ધમાં માત્ર ગણતરીના કલાકોમાં ભુજ એરપોર્ટનો રનવે માધાપરની વીરાંગનાઓએ મરામત કરી દીધો જે પછી ભુજ હવાઈ મથક લશ્કરને ઉપયોગી બની શક્યું. એવું ૭૧ના આ યુધ્ધ સમયે કચ્છમાં ફરજ બજાવી ગયેલા નિવૃત્ત વિંગ કમાંડર લક્ષ્મણ કર્ણિકે જણાવ્યું હતું. દુશ્મન દેશ પાકિસ્તાને કચ્છ ઉપર ૧૨૦ બોમ્બે ઝીંક્યા હતા. જેમાંથી ૮ ડિસેમ્બરના દિવસે ૬૦ બોમ્બ ફેક્યાં હતાં. જેમાં ભુજની હવાઈ મથકની હવાઈ પટ્ટીને વ્યાપક નુકસાન પહોંચતા કમાંડિગ ઓફિસર અને લક્ષ્મણ કાર્તિકના ભાઈ વિજય કર્ણિકે તત્કાલિન કલેક્ટર ગોપાલ સ્વામી અને માધાપરના સરપંચ જાદવજીભાઈને વિનંતી કરતાં માધાપર ગામની બહેનોએ હોશ દાઝ સાથે ગણતરીના કલાકોમાં જ રનવે મરામત કરી હવાઈ ઉડ્ડયન લાયક બનાવી દીધું હતું. યુધ્ધ માટે જોધપુર કે જામનગરથી ઉડ્ડયન કરતાં વિમાનો માટે ભુજ હવાઈ મથક જંક્શન સમાન હતું. હવાઈ પટ્ટીમાં ૨૦ થી ૨૫ ફૂટ ઊંડા અને પહોળા ત્રણ-ચાર ખાડા અને નાના ખાડાનો અસંખ્ય હતા. જેની મરામત કુશળતા માંગી લે એવી હતી.

● ભુજની સૂર્યા વરસાણી એકેડેમીમાં ચોથા ધોરણમાં અભ્યાસ કરતી ૧૧ વર્ષની આરાધ્યા પ્રદીપકુમાર પટેલે ચિલ્ડ્રન કેટેગરીમાં ૪-૬ ફૂટ લાંબાવાળ સાથે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં સ્થાન મેળવ્યું હતું. વર્લ્ડ રેકોર્ડના સિનિયર જજ દેવ્યાની સોની અને મિલન સોનીની ઉપસ્થિતિમાં હેઅર એક્સપર્ટ રીના પટેલ દ્વારા વાળની લંબાઈ મપાઈ હતી. તે પછી તેને વિજેતા ઘોષિત કરાઈ લાંબા વાળ ધરાવતી બાળકી હોવાનું પ્રમાણપત્ર અપાયું.

● કચ્છમાંથી જે મોટી કમાણી કરે છે એ દેશના સૌથી મોટા લિગ્નાઈટ ઉત્પાદક જાહેર ક્ષેત્રના નિગમ ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન એ કચ્છમાં ત્રણ સહિત રાજ્યની કુલ્લ છ નવી ખાણ વિકસાવવા રૂા.૮૦૦ કરોડના રોકાણની જાહેરાત કરી છે. નિગમના એમ.ડી.ના જણાવ્યા મુજબ જી.એમ.ડી.સી. દ્વારા ૪૦ કરોડ ટનના કુલ્લ જથ્થા સાથે છ નવી ખાણ લખપત, વાયોર નજીક ભારખંડમ અને પાનધ્રોનો સમાવેશ થાય છે. લખપતની ખાણનો પ્રોજેક્ટ દ્વિખનિજ પ્રોજેક્ટ છે. જેમાં ૧૩.૫ કરોડથી લિગ્નાઈટ અને ૧૮૦ કરોડ ટન લાઈમસ્ટોનનો સમાવેશ થાય છે.

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)